નવગુજરાત સમય. પાના નં. ૨૬, ફ્રન્ટ પેજ.૦૨

## એરપોર્ટ ખાતે રાજ્યપાલ, મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો PMનું સ્વાગત કરશે, એરપોર્ટથી હેલિકોપ્ટરમાં વડસર એરફોર્સ સ્ટેશન પહોંચશે

# PM નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે


GMDC ગ્રાઉન્ડમાં તૈયારીની સમીક્ષા કરતા CM


સ્ટેશન પર ગરબા-પોળોના જંગલના મ્યુરલ


દૂરદર્શન ટાવર પાછળ હેલિપેડ

**■ એર ચીફ માર્શલ સહિતના વરિષ્ઠ પદાધિકારીઓ સાથે નવા ઓપરેશન સ્ટેશનની મુલાકાત લેશે**

**■ સાંજે રાજભવન ખાતે સોમનાથ ટ્રસ્ટની 123મી બેઠકની અધ્યક્ષતા કરશે, ગૃહમંત્રી અમિત શાહ પણ વર્ચ્યુઅલી જોડાય તેવી સંભાવના**

નવગુજરાત સમય > ગાંધીનગર

દેશનું સતત ત્રીજી વખત નેતૃત્વ કરીને વિક્રમ સર્જનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરિણામ બાદ પહેલી વખત રવિવારથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાન મોદી રવિવારે બપોરપછી અમદાવાદ આવી પહોંચશે અને 17મીએ સવારે ગાંધીનગરથી ભુવનેશ્વર જવા રવાના થશે. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઉદ્યોગજગતના વડાઓથી માંડીને PM આવાસ તથા PM સૂર્યશક્તિ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કરનાર છે. આ જ રીતે કેન્દ્ર સરકારના વિવિધ કાર્યક્રમોની ગુજરાતમાં થયેલી અને થનારી પ્રગતિથી માંડીને ગાંધીનગર-અમદાવાદને હવે એલિવેટેડ કોરીડોરથી જોડનાર મેટ્રો રેલ ફેઝ-2ના લોકાર્પણ, અમદાવાદ-ભુજ વંદે ભારત ટ્રેન, અમદાવાદમાં 400 કરોડના સાત આઇકોનિક માર્ગનું ભૂમિપૂજન સહિતના અનેક વિકાસ કાર્યોની પોતાના જન્મદિન પૂર્વે નાગરિકોને ભેટ આપનાર છે. વડાપ્રધાન બે દિવસ દરમિયાન રાજભવન ખાતે કેટલીક મહત્વની બેઠકોમાં સરકાર અને સંગઠનના પદાધિકારીઓ સાથે મહત્વપૂર્ણ ચર્ચા કરનાર છે.

વડાપ્રધાન મોદી રવિવારે બપોર પછી 3.55 વાગે અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચશે. એરપોર્ટ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલ, રાજ્ય મંત્રીમંડળના સભ્યો, મેયર પ્રતિભા જૈન સહિતના મહાનુભાવો વડાપ્રધાનનું સ્વાગત કરશે. વડાપ્રધાન મોદી એરપોર્ટથી હવાઇ દળના વિશેષ વિમાન મારફતે અમદાવાદના પશ્ચિમ છેડા નજીક આવેલા વડસર એરફોર્સ સ્ટેશન પહોંચશે. અહીં એર ચીફ માર્શલ સહિતના હવાઇ દળના વરિષ્ઠ અધિકારીઓ વડાપ્રધાનનું સ્વાગત કરશે. અહીં તૈયાર કરાયેલા વેસ્ટર્ન કમાન્ડ એન્ડ કંટ્રોલના નવા ઓપરેશન સેન્ટરની મુલાકાત લેશે. વડાપ્રધાન આ મુલાકાત બાદ વરિષ્ઠ અધિકારીઓ સાથે ઔપચારિક ચર્ચા કરી સીધા ગાંધીનગર રાજભવન પહોંચશે.

રાજભવન ખાતે સાંજે છ વાગ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સોમનાથ મંદિર ટ્રસ્ટની 123મી બેઠક યોજાશે. આ બેઠકમાં ટ્રસ્ટના સભ્ય એવા ગૃહમંત્રી અમિતભાઇ શાહ પણ વર્ચ્યુઅલી જોડાય તેવી શક્યતા છે. આ બેઠકમાં અગાઉની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ થયેલા કામો તેમજ સોમનાથ મંદિર પરિસર તેમજ આસપાસના વિસ્તારના વિકાસ માટેના કામોની પ્રગતિનો અહેવાલ રજૂ થશે. આ ઉપરાંત નવા કામોને ચર્ચાના અંતે મંજૂર કરાશે. બેઠકમાં વાર્ષિક હિસાબો પણ રજૂ થશે. આ બેઠકમાં પૂર્વ મુખ્યસચિવ પી.કે લહેરી સહિતના અન્ય ટ્રસ્ટીઓ પણ જોડાશે.

સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક બાદ વડાપ્રધાન મોદી રાષ્ટ્રીય યોજનાઓ અને પ્રોજેક્ટ્સની પ્રગતિ અને આગળના આયોજનો અંગે રાજ્યના વિવિધ વિભાગો જેવા કે શહેરી વિકાસ, ગ્રામ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ડીઝાસ્ટર વગેરે વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી શકે છે. ખાસ કરીને PM આવાસ યોજના, PM સૂર્ય શક્તિ યોજના, 70 વર્ષથી ઉપરના લોકો માટે રૂ.5 લાખના આરોગ્ય વીમા કવચમાં ગુજરાતના લાભાર્થીની સંખ્યા, હાલ PMJAY, આયુષ્યમાન યોજનામાં પ્રગતિ અને લાભાર્થીઓને લાભ વગેરેના પ્રેઝન્ટેશન નિહાળશે.



16મીએ સવારે 10 વાગે વડાપ્રધાન મહાત્મા મંદિર ખાતે આયોજિત ત્રણ દિવસીય ચોથી ગ્લોબલ રિન્યૂએબલ એનર્જી ઇન્વેસ્ટમેન્ટ સમિટ અને એક્સ્પો (આરઇ-ઇન્વેસ્ટ 2024)નું ઉદ્ઘાટન કરશે. આ સમિટમાં ઉપસ્થિત દેશ વિદેશના દસેક હજાર પ્રતિનિધિઓને સંબોધન કરશે. ત્યારબાદ વડાપ્રધાન બપોરે 1.20 વાગે સેક્ટર-1 ખાતે નવનિર્મિત મેટ્રો સ્ટેશન પહોંચશે. અહીંથી તેઓ ગિફ્ટ સિટી સુધી મેટ્રો ટ્રેનમાં સફર કરી ગાંધીનગર અને અમદાવાદ (મોટેરા) વચ્ચેના 22 કિમીના ફેઝ-2 રૂટનું ઉદ્ઘાટન કરશે. ગિફ્ટ સિટીમાં બેન્કિંગ અને ફાયનાન્સના વડાં સાથે ચર્ચા સત્રમાં હાજરી આપીને વડાપ્રધાન બપોરે 3.30 વાગ્યા બાદ અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી, જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પહોંચશે. અહીં વિવિધ પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ વિશાળ જનમેદનીને સંબોધશે.

ત્રીજી વખત વડાપ્રધાન થયા પછી પહેલી વખત આવેલા વડાપ્રધાનને ભાજપ સંગઠન દ્વારા વિશેષસન્માન, અભિવાદન પણ કરાશે. અહીંથી વડાપ્રધાન પરત રાજભવન પહોંચશે. રાજભવન ખાતે વડાપ્રધાન સંગઠનના પદાધિકારીઓ, મંત્રીમંડળના સભ્યો સાથે બેઠક યોજી શકે છે.

---

**પીએમ મોદી 16મીએ દિવ્યાંગ સહિતના બાળકો સાથે મુસાફરી કરશે : નાગરિકો સાથે વાર્તાલાપ કરશે**

## સેક્ટર-1થી મહાત્મા મંદિર સુધી મેટ્રોના બાકી રૂટનું કામ માર્ચ સુધીમાં પૂર્ણ કરાશે

નવગુજરાત સમય > ગાંધીનગર



મેટ્રો રેલ પ્રોજેક્ટના મોટેરાથી ગાંધીનગર સુધીના ફેઝ-2નું 16 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન થવાનું છે. PM મોદી અમદાવાદ-ગાંધીનગર ટ્વિન સિટીને જોડતા મેટ્રો ફેઝ-2ના સેક્ટર-1થી ગિફ્ટ સિટીના રૂટમાં મુસાફરી કરશે. તેમાં બાળકોની સાથે મુસાફરી કરી સંવાદ કરશે. આગામી માર્ચ સુધીમાં ગાંધીનગરના મહાત્મા મંદિર સહિતના બાકી સ્ટેશનનું કામ પૂર્ણ કરાશે.

ગાંધીનગર ગિફ્ટ સિટીથી લઇને સેક્ટર-1 સુધીના મેટ્રો સ્ટેશનને સજાવાયા છે. ગાંધીનગરના મેટ્રો સ્ટેશનમાં ગુજરાતની સંસ્કૃતિનો પરચો આપતા ગરબા, પોળોના જંગલો વગેરેના વિશાળ ભીંત ચિત્રો લગાવ્યા છે. રાંદેસણ ખાતે નાની આર્ટ ગેલેરી પણ બનાવાઇ છે. PM મોદી ગિફ્ટ સિટીથી મેટ્રોમાં પ્રવાસ દરમિયાન રાંદેસણ ખાતે નાગરિકોને મળીને સંવાદ કરે તેવો કાર્યક્રમ પણ ગોઠવાઇ રહ્યો છે. PM મોદી મેટ્રો ટ્રેનમાં પણ દિવ્યાંગ સહિતના બાળકો સાથે પ્રવાસ કરશે અને તેમની સાથે વાર્તાલાપ કરશે. સેક્ટર-1 પછી સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય અને મહાત્મા મંદિર સુધીના રૂટનું કામકાજ માર્ચ મહિના સુધી પૂર્ણ કરી મેટ્રો દોડતી કરાશે. મેટ્રોના હાલ શરૂ થનારા રૂટનો ખર્ચ 3200 કરોડ જ્યારે ફેઝ-2ના પ્રોજેક્ટનો કુલ ખર્ચ 5384.17 કરોડ થશે.

મેટ્રો રેલ પ્રોજેક્ટના ઉચ્ચ પદાધિકારી પુષ્કર સીંગલા, અનંતસિંઘ બીષ્ટ અને સંજીવ મહેતા વગેરેએ મેટ્રો ફેઝ-2 વિશે મીડિયાને માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મોટેરાથી ગાંધીનગર સુધી મેટ્રો રેલ શરૂ થતા સડક પરનો ટ્રાફિક ઓછો થશે તેવી આશા છે. મેટ્રોને BRTS, રેલવે સ્ટેશન સાથે કનેક્ટ છે અને ભવિષ્યમાં બુલેટ ટ્રેન શરૂ થાય ત્યારે તેને કનેક્ટ થાય તેવું આયોજન પણ કરાયું છે.

### 17મીથી મેટ્રો ઉપલબ્ધ : ₹5થી ₹40 સુધીનું ભાડું રહેશે

મેટ્રો માટે અઢી કિ.મી. સુધી પાંચ રૂપિયાથી લઇ 37.5થી વધુ કિ.મી. માટે મહત્તમ 40 રૂપિયા ભાડું નક્કી કરાયું છે. મેટ્રો ટ્રેનની મહત્તમ સ્પીડ 80 કિ.મી. સુધીની હોય છે પણ રૂટ દરમિયાન સ્ટેશનો ઉપર ઉભી રહેવાના અને ફરીથી શરૂ થાય તેના કારણે સરેરાશ 33 કિ.મી.ની એવરેજ સ્પીડે દોડતી હોય છે. દોઢ હજાર કર્મચારીઓને રોજગારી મળશે. મુસાફરો માટે ટ્રેનમાં 12 કટોકટી એલાર્મ અને દિવ્યાંગો માટે સ્ટેશન ઉપર રેમ્પ સહિત ટ્રેનમાં પણ જગ્યા ફાળવાઇ છે. નાગરિકો માટે PMના ઉદ્દઘાટન બાદ બીજા દિવસથી મેટ્રો ઉપલબ્ધ બનશે. દર દસથી બાર મિનિટે મેટ્રો ટ્રેન મળી રહે તેવી વ્યવસ્થા હાલ ગોઠવાઇ છે. શરૂઆતમાં સવારે 8થી સાંજે 8 સુધી ચાલશે. તે પછી ટ્રાફિક વધશે તેમ ફ્રિકવન્સી અને સમયમાં પણ અમદાવાદની જેમ વધારો કરવામાં આવશે.